### યુવાઓના આક્રોશનું પરિણામ

## બાયડ ગામમાં ગણપતિનું વિસર્જન કરનારા યુવાનોએ કોંગ્રેસનું વિસર્જન કર્યું

### કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો નહીં થાય ત્યાં સુધી નહીં ઝંપવાનો સંકલ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ ગામનો ગણપતિ મહોત્સવ ઉત્તર ગુજરાતમાં પ્રચલિત બન્યો છે. પરંતુ વિધ્નહર્તાના પર્વમાં પણ હિન્દુ વિરોધી નીતિ અખત્યાર કરનારા કેટલાક રાજકીય કાર્યકરોએ કોરોના સમયે ઉજવણી ઉપર બ્રેક લગાવી ત્યારથી બાયડ ગામના યુવાનોમાં બાયડ ગામના યુવાનોએ ગણપતિ મહોત્સવને સમગ્ર ઉત્તર ગુજરાતમાં નામના અપાવી પૂર્વ ધારાસભ્યો સહિત અનેક રાજકીય આગેવાનો ગણપતિ મહોત્સવના સાક્ષી બન્યા છે. પરંતુ ગત વર્ષે બાયડ ગામમાં ગણેશ મહોત્સવની કોરોના ગાઈડલાઈન પ્રમાણે ઉજવણી હોવા છતાં તેમાં કેટલાકે રોળાં



આક્રોશ પરાકાષ્ટાએ હતો. બાયડ નગરપાલિકાની ચૂંટણી આવતાં બાયડ ગામના યુવાનોએ વિધ્નહર્તાના પર્વમાં વિધ્ન લાવનારાઓને એમનું સ્થાન બતાવી દેવાનો નિર્ણય લીધો અને બાયડ પાલિકાની ૨૪માંથી ૧૭ બેઠક જીતી ભાજપે ઈતિહાસ રચ્યો. કોંગ્રેસને માત્ર ૭ બેઠકથી સંતોષ માનવો પડ્યો. બાયડ ગામમાં ગણપતિનું વિસર્જન કરનારા યુવાનોએ કોંગ્રેસનું વિસર્જન કર્યાનું રણકા સાથે જણાવ્યું છે અને આગામી દિવસોમાં પણ કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો નહીં થાય ત્યાં સુધી નહીં ઝંપવાનો સંકલ્પ લીધો છે.

યુવા શક્તિનું ઓછું આંકલન કરવું નરી મૂર્ખામી છે. બાયડ નગરપાલિકામાં શાસન કરનારાઓને એ ખબર છે કે બાયડ ગામનું યુવાધન જેની તરફેણ કરે તે સત્તામાં આવે છે. અત્યાર સુધી ભાગલા પાડો અને રાજ કરો..ની નીતિ અખત્યાર કરી. પરંતુ મોંડે મોંડે પણ સત્ય સમજાતું હોય છે. નાખ્યાં ત્યારથી પક્ષાપક્ષીથી દૂર રહેનારા યુવાનો સમસમી ઉઠ્યા અને સંકલ્પ લીધો હતો કે ગણપતિ મહોત્સવમાં વિધ્ન લાવનારાઓને એમનું સ્થાન દેખાડી દેવું છે. તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર થતાં યુવાઓએ નિર્ભયી બની ભાજપ તરફી પ્રચાર-પ્રસાર કાર્ય સ્વયં સંભાળી લીધો જેનું પરિણામ એ આવ્યું કે ભાજપની સાથે યુવા શક્તિ ભળતાં બાયડ ગામમાં પણ ભાજપ વધુ મજબૂત બન્યું છે. ગણપતિ મહોત્સવ સાથે સંકળાયેલા અનેક યુવાનોએ જણાવ્યું છે કે અમે બાયડનગરમાંથી કોંગ્રેસને સંપૂર્ણ નેસ્તનાબૂદ નહીં કરીએ ત્યાં સુધી ઝંપશું નહીં હવે અમારૂ લક્ષ વર્ષ-૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી ઉપર છે. કોંગ્રેસે પણ એ ભૂલવું ન જોઈએ કે પેટાચૂંટણીમાં બાયડ ગામના મતદારોએ આપેલા મતથી જ પેટાચૂંટણીનો જંગ જીત્યા હતા. કદર કરતું હોય તેની જ કદર કરાય..તે બાયડના યુવાનો સારી રીતે સમજી શક્યા છે.



## બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે ગેલરીમાંથી કૂદવાની ધમકી આપી

### વિધાનસભામાં હલચલ મચી

બાયડ તા,૯

વિધાનસભાના પ્રશ્ન કાળમાં આરોગ્ય વિભાગના પ્રશ્નો સમયે બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે બાળકોના આરોગ્યની ચિંતા સરકાર કરે છે જે સારી બાબત છે પરંતુ હવે સરકાર અમારી ચિંતા કરે તો સારું. કારણ કે જિલ્લા કક્ષાના અધિકારીઓ કામ માટે ધારાસભ્યોના ફોન પણ ઉપાડતા નથી અને આવી હરકતોથી રાત્રે મને એવું થાય છે કે હું અહીંથી નીચે કૂદી જાઉં. જો કે ધારાસભ્યના ઉગ્ર વર્તનથી વિધાનસભા અધ્યક્ષ ડો.રાજેન્દ્ર ત્રિવેદી ગંભીર સ્થિતિ પામી ગયા હતા. ત્યારબાદ અધ્યક્ષે બોલતા અટકાવીને નીચે બેસી જવાનો કડક આદેશ આપ્યો હતો. જો કે આ ઘટનાક્રમ સમયે ભાજપ અને કોંગ્રેસમાં પણ સન્નાટો છવાઈ ગયો હતો.

બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે ગેલેરીમાં પોતાનો મુદ્દો ઉગ્રતાથી ઉપસ્થિત કરતાં સરકારનું ધ્યાન દોર્યું હતું કે આજે તમારા જિલ્લાના અધિકારીઓ ધરાસભ્યોના ફોન પણ ઉપાડતા નથી, ત્યારે મને આ ગેલેરીમાંથી કુદવાનું મન થાય છે. કોંગ્રેસના ધારાસભ્ય જશુ પટેલની આ વાત સાંભળીને અધ્યક્ષે તેમને બેસી જવાનો આદેશ કરતાં ગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## સાઠંબા નગરમાં મહાશિવરાત્રિ પર્વે ભરાતા મેળાનું આયોજન બંધ રાખેલ છે

સાઠંબા.તા.૯

બાયડ તાલુકાની સાઠંબા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનો અને વેપારીઓ દ્વારા ૧૧/૩/૨૦૨૧ ના મહાશિવરાત્રી નિમિત્તે કરવામાં આવતું મેળાનું આયોજન સરકારશ્રીના આદેશ મુજબ કોરોના સંક્રમણ વધવાના કારણે ગામજનો તેમજ વેપારી મંડળ દ્વારા બંધ રાખવામાં આવેલ છે. આજે કોરોના ના કેસ વધતા મેળામાં એકબીજાના સંક્રમણ ન થાય તે માટે અને કોરોના વધુ ન ફેલાય તે માટે ગ્રામ પંચાયત અને ગ્રામજનો અને વેપારીઓ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાઠંબા તેમજ આજુબાજુના ગામડાઓના લોકોને જાણ કરવામાં આવી છે.


## રાજકારણમાં રાક્ષસી વૃત્તિ : બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં મત લેવા મૂંગા પશુની બલી ચઢાવાઈ..!!

### વિચારો ભ્રમિત થાય એટલે પડતીની શરૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ નગરપાલિકાની ચૂંટણી સંપન્ન થયા પછી અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે. રાજકારણમાં રાક્ષસી વૃત્તિનો પર્દાફાશ થયો છે. ચૂંટણી જંગ જીતવા માટે એક મૂંગા પશુનો બલી ચઢાવ્યાની સનસનીખેજ વિગતો પ્રકાશમાં આવતાં તંત્ર આંખ મિચામણાં કરે છે કે આ દીશામાં સંવેદના દાખવી તપાસ કરશે..?? તેના ઉપર બાયડના નગરજનોની મીટ મંડાઈ છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જીતવા માટે પૈસા અને દેશી-વિદેશી દારૂની રેલમછેલ થતી હોય છે. પરંતુ મૂંગા પશુઓના બલી ચઢાવી માંસની મીજબાની માણવી તે કેટલા અંશે યોગ્ય છે..?? સત્તા મેળવવા રઘવાયા થયેલા રાજકીય પક્ષના આગેવાનો અને ઉમેદવારો પીશાચી કૃત્ય



આચરતાં પણ અચકાતા ન હોવાનો બનાવ સામે આવતાં જીવદયા પ્રેમીઓ સમસમી ઉઠ્યા છે. બાયડ નગરપાલિકાના ખ્યાતનામ થયેલા વોર્ડમાં ચૂંટણી જંગ જીતવા માટે એક રાજકીય પક્ષના ૪ ઉમેદવારો શામ, દામ, દંડ અને ભેદની કુટીલ નીતિ અપનાવ્યા પછી પણ મતદારો ઉપર ભરોસો રહ્યો ન હોવાથી મતદારોને રીઝવવા પશુ બલીનો ભોગ આપ્યાની સનસનીખેજ વિગતો પરિણામો બાદ બહાર આવતાં પીશાચી કૃત્યની પરાકાષ્ટાએ રાજકીય આગેવાનોની માનસિક્તાને ઉઘાડી પાડી છે. અત્યાર સુધી ચૂંટણીમાં દારૂ અને પૈસાની રેલમછેલ સ્વભાવિક માનવામાં આવતી હતી પરંતુ અબોલ જીવને હારતોરા પહેરાવી બર્બરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી માંસની મિજબાની ગોઠવવામાં આવી હોવાનો ફોટો અને વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં ખળભળાટ મચ્યો છે. બાયડનું રાજકારણ કેટલી હદે ગંદુ હતું તે સૌ કોઈ જાણે છે પરંતુ તેમાં રાક્ષસી વૃત્તિ ભળ્યાનું જાણી આવી રાજનીતિ કરનારા જે કોઈ હોય તે પ્રજાની નજરમાંથી ઉતરી ગયા છે.

## પ્રાંતિજના વડવાસામાં કોબીજનું બિયારણ મીક્ષ નિકળતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા ખાતે કોબીજ પકવતા ખેડૂતો ને કોબીજ નુ ભેળસેળ વાળુ બિયારણ પધરાવવામા આવતા ખેડૂતો ને હાલતો રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે અને માત્ર વડવાસા ગામના ખેડૂતો ને આઠ કરોડ થી વધારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે .

ખેડૂતો ઉપર એકપછી એક આફતો જોવા મળી રહી છે કમોસમી, અતિવૃષ્ટિ, કોરોનામા લોકડાઉન અને હવે કોબીજનુ ભેળસેળ બિયારણ નિકળતા પ્રાંતિજના વડવાસાના ખેડૂતોને લાખ્ખો નહી પણ કરોડો રૂપિયાનુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે જેમા ખેડૂતોને હાલતો બિયારણ, ખેડ, દવા, સહિતની મજુરી સાથે મહેનત પણ આ ભેળસેળ બિયારણ નિકળતા માથે પડી છે અને આખા ખેતરોમા ચારોય બાજુ ભેળસેળ બિયારણને લઈને ટાલા પડી ગયા છે અને જેને લઈને ખેડૂતોને હાલતો કરોડો રૂપિયાનુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે જયારે વડવાસાના મોટા ખેડૂત દશરથભાઈ પટેલ દ્વારા ૧૫૦ વિગામા કોબીજનુ વાવેતર કર્યુ છે અને તેમણે કોબીજનુ બિયારણ ૨૧ કિલો તથા વિષ્ણુભાઈ પટેલે ૬ કિલો, મનુભાઈ પટેલે ૫ કિલો, નરસિંહભાઈ પટેલે ૫ કિલો, સુરેશભાઈ પટેલે ૬ કિલો, પ્રભાતભાઈ પટેલે ૧૦ કિલો, બળવતભાઈ પટેલે ૫ કિલો સહિત કેટલાય નાના મોટા ખેડૂતોએ કોબીજનુ નામધારી સીડસ કંપની ૧૯૬ના બિયારણથી વાવેતર કયુ હતુ અને આ બધા સહિત અન્ય ખેડૂતોએ તાજપુર કૂઈ પાસે આવેલ એગ્રો સર્વિસ સેન્ટર મેન ડીલર્સ પાસેથી ખરીદી કરેલ અને બીજા ખેડૂતો દ્વારા પ્રાંતિજમા આવેલ સબ ડીલર્સ જય



ભારત એગ્રો સર્વિસ અને પ્રાંતિજ ખાતે આવેલ બીજા સબ ડીલર્સ શિવ શક્તિ ટ્રેડસમાથી ખરીદી કરવામા આવી છે ત્યારે બિયારણ ભેળસેળ નિકળતા ખેડૂતો દ્વારા વેપારીઓને આ અંગે રજુઆત કરવામા આવતા વેપારી દ્વારા હાલતો કંપની અને મેન ડીલર્સ પાસે રજુઆતો કરવામા આવી છે ત્યારે ૫૦૦ એકરે મા ૧૭ હજાર પાનસો પેકેટ જેની અંદાજે કિમત કરોડો થાય છે અને હાલ ખેડૂતો ના ખેતરો મા માત્ર કોબીજ ની ખેતીમા ટાલા જોવા મળી રહ્યા છે અને ૫૦ દિવસ ઉપર થયા છતાંય ગર્ભ બનતો નથી ત્યારે હાલતો વેપારીઓને રજુઆત બાદ વેપારીઓ દ્વારા કંપની ઉપર ઢોળી દેતા કંપની એ પણ હાલતો હાથ ઉચા કર્યા હોય તેમ જણાઈ આવે છે ત્યારે વડવાસા મા કોબીજ પકવતા ખેડૂતો ને આઠ કરોડ થી પણ વધારે નુકસાન હાલતો સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે તંત્ર દ્વારા અંગત રસ લઈ ને યોગ્ય તપાસ કરી આવા વેપારીઓ તથા કંપની ઉપર કોઈ એકશન તાત્કાલિક ધોરણે લેવામા આવે અને ખેડૂતોને તાત્કાલિક ધોરણે વળતર ચુકવવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે નામધારી સીડસ કંપની દ્વારા નમતુ જોખવામા આવશે કે પછી કંપની દ્વારા હાથ ઉચા કરવામા આવશે એ તો હવે જોવુ રહ્યુ પણ હાલતો વડવાસા ના ખેડૂતો ને કરોડો નુ નુકસાન થતા ખેડૂતો ની આશા ઉપર પાણી ફરી વળ્યુ છે અને બિયારણ દવા મંજુરી સહિત નો ખર્ચ માથે પડયો છે ત્યારે તંત્ર દ્વારા સત્વરે ભાગ લઈ ને ખેડૂતો તરફી રસ્તો કાઢવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## મોતીપુરા પાસે સામસામે બાઈક ટકરાતાં ચાલકનું મોત

### આરોપી ચાલક સ્થળ ઉપર બાઈક મૂકી ફરાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

મોડાસા તાલુકાના મોતીપુરા ગામની સીમમાં ખોડીયારનગર સ્ટેશન પાસે પૂરઝડપે પસાર થતી બાઈક ચાલકે સામેથી આવતી બાઈકને ટક્કર મારી ફંગોળી નાખતાં ચાલક ભરતભાઈ ઉર્ફે લાલાભાઈ પ્રજાપતિનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર આરોપી ચાલક ફરાર થઈ જતાં મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના જંબુસર ગામના ભરતભાઈ પ્રજાપતિ તા.૮ના રોજ બાઈક લઈને મોતીપુરા ગામની સીમમાંથી પસાર થતા હતા જે સમયે સામેથી પૂરપાટ ઝડપે પસાર થતી બાઈક (નં.જી.જે.૦૯-૯૫૯૧)ના ચાલકે સામેથી આવતી બાઈકને જાણે કે જોઈ જ ન હોય તેમ ટક્કર મારતાં બાઈક (નં.જી.જે. ૩૧-બી-૦૮૫૦)હંકારનાર ભરતભાઈ પ્રજાપતિને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ શરીરની ઈજાઓ જીવલેણ સાબિત થતાં હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે જેઠાભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં કોરોના કાળમાં ઉપયોગી સિદ્ધ થયેલી

## હળદરના ભાવમાં ૨૦% થી ૩૦% ટકાનો ઉછાળો

### દર વર્ષે મે માસમાં હળદરના વાવેતરની શરૂઆત થતી હોય છે પરંતુ ચાલુ વર્ષે ફેબ્રુઆરીથી જ બિયારણની બોલબાલા વધી ગઈ છે

### કોરોના કાળમાં નાના - મોટા રીટલરો સહિત હોલસેલના વેપારીઓ માટે હળદર થયું સોનું

ગત વર્ષે કોવિડ - ૧૯ કોરોના વાયરસનાંના રોગ સામે લડવા માટે કોઈ દવા ન હતી ત્યારે લોકો અવનવા દેશી ઉપચારનો સહારો લેતા હતા એમાંય રોગ પ્રતિકારક શક્તિ મજબૂત કરવા માટે મહત્તમ હળદરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જેના કારણે માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ હળદરનો ઉપયોગ વધવાથી તેની માંગમાં પણ ઉતરોતર વધારો થવા પામ્યો છે હવે ગુજરાતમાં પણ હળદર ના પાક માટે નવી દિશા મળી અને આવક વધવાની નવી તકો ઊભી થઈ છે મોટા વેપારીઓ અને જાણકારોના મતે કોરોના કાળ દરમિયાન હળદર નો ઉપયોગ ૩૦% થી ૪૦% ટકા વધ્યો છે

**- કોરોના કાળમાં ગુણકારી હળદરનું સેવન કરવાથી થતા ફાયદાઓ**

- ગુણકારી હળદર નૈસર્ગિક એન્ટિઓક્સિડન્ટ છે
- ગુણકારી હળદરનું સેવન કરવાથી આપણા શરીરમાં રહેલા લોહીમાં સામેલ હાનિકારક તત્વોને બહાર કાઢે છે
- બ્લડ સર્ક્યુલેશન સરળ બનાવી છે જેનાથી તાજગી અને સ્ફૂર્તિમાં વધારો થાય છે
- યુવાનો થી માંડી વયોવૃદ્ધ વડીલો માટે ગરમ દૂધ સાથે હળદર લેવાથી શરદી-કફમાં રાહત મળે છે



કોરોનાના આગમન પછી લગભગ એક વર્ષ સુધી દવા કે વેક્સિન ના અભાવે દેશી નુસખાઓ જ ઉપયોગી નિવડતા હતા ત્યારે પરંપરાગત અને સાવ હાથવગા રોગપ્રતિકારક તત્વ તરીકે હળદરનો ઉપયોગ પ્રચલિત બન્યો હતો દૂધ સાથે કે વિવિધ ઓસડીયાના માધ્યમથી લઈ શકાતી હળદરની ગુણકારી શક્તિઓ વિશેની જાણકારી વ્યાપક બન્યા બાદ હળદરનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે જેને લીધે ગુજરાતના ખેડૂતો વધુ મોટા પ્રમાણમાં હળદરની ખેતી તરફ વળ્યા છે પરિણામે આ વર્ષે ગુજરાતમાં હળદરના ઉત્પાદનમાં આશરે ૩૦% ટકાનો વધારો નોંધાવવાની ધારણા છે.

### ગુજરાતમાં ક્યાં ક્યાં થાય છે હળદર ?

ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાત મધ્ય ગુજરાતમાં હળદરની ખેતીનું પ્રમાણ સવિશેષ માનવામાં આવી રહ્યું છે હળદર અંગે સંશોધન કરતી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સૌરાષ્ટ્રના અમરેલી, ગોંડલ અને ભાવનગરમાં પણ હળદર ના સારા પાકની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે રાજ્યભરમાં અંદાજિત કુલ ૫૦૦૦ હેકટરમાં હળદરનો પાક લેવામાં આવે છે મે-જૂન માસમાં સમયગાળો હોય છે સામાન્ય રીતે દર વર્ષે કૃષિ યુનિવર્સિટીમાં હળદર ના પાક ના બિયારણ માટે ખેડૂતો એપ્રિલ માસથી જ પૂછપરછ શરૂ કરતા હોય છે પરંતુ આ વર્ષે પરિસ્થિતિ તદ્દન અલગ જોવા મળી રહી છે કૃષિ યુનિવર્સિટીમાં ફેબ્રુઆરીથી બિયારણ માટેની પૂછપરછ શરૂ થઈ ગઈ છે જેથી યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ પાકમાં ૨૦%થી ૩૦% ટકા સુધીનો વધારો થાય તેવું અનુમાન લગાવી રહ્યા છે.

વિશ્વમાં ઉત્પાદિત થતી હળદર પૈકી ૯૦ ટકા ઉત્પાદન ભારતમાં થાય છે : ગુજરાતમાં ૧૫થી ૧૭ હજાર હળદર ઉત્પાદન થાય છે. દેશમાં સૌથી વધુ હળદરનું ઉત્પાદન મહારાષ્ટ્ર તેલંગાણા કર્ણાટકમાં થાય છે અલગ-અલગ રાજ્યમાં હળદરના ઉત્પાદન ઉપર નજર કરીએ તો મહારાષ્ટ્રમાં ૨ લાખ મેટ્રિક ટન, કર્ણાટકમાં ૧.૫૦ લાખ મેટ્રિક ટન, તેલંગાણામાં ૩.૧૨ મેટ્રિક ટન, પશ્ચિમ બંગાળમાં ૪૫ હજાર મેટ્રિક ટન, ઓરિસ્સામાં ૪૨ હજાર ટન ગુજરાતમાં ૧૫થી ૧૭ હજાર હળદર ઉત્પાદન થાય છે જેમાં મહારાષ્ટ્રના સાંગલીનું હળદરનું માર્કેટિંગ યાર્ડ એશિયાનું સૌથી મોટું માર્કેટ યાર્ડ છે